ગુજરાત સરકાર ( GOG )

માર્ગ અને મકાન વિભાગ (મા. અને મ. વિ.)

સચિવાલય,ગાંધીનગર

નં.જીએસઆરડીસી /ટોલ રિવીઝન/ હિમતનગર બાયપાસ/૨૦૨૫

તા. ૦૪/૦૪/૨૦૨૫

સરકારી હુકમ

૧. ગુજરાત સરકારે ગુજરાત રાજ્યમાં ખાનગી-જાહેર ભાગીદારીના આધારે હાથ ધરાયેલ નાણાં-ધિરાણ,બાંધકામ,નિભાવ અને માળખાના સંચાલન અને અન્ય વિકાસ પ્રાયોજનાઓમાં ખાનગી ક્ષેત્રના સહયોગ માટે વિનિયમન માળખું પૂરું પાડવા માટે ગુજરાત આંતર માળખા વિકાસ અધિનિયમ,૧૯૯૯ (ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ એક્ટ) (૧૯૯૯ નો ગુજરાત અધિનિયમ નં ૧૧) ઘડી કાઢ્યો છે. ઉકત અધિનિયમની અનુસૂચિ-૧ની બાબત-૨ અન્વયે, માર્ગો, પુલો અને બાયપાસોનું ક્ષેત્ર એવા પાત્ર ક્ષેત્ર પૈકીનું એક ક્ષેત્ર છે જેને આધારમાળખાકીય પ્રાયોજનાઓ માટે ખાનગી ભાગીદારીની છૂટ આપવામાં આવી છે. ઉકત અધિનિયમ હેઠળ ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ (હવે પછી અહીં જેનો ઉલ્લેખ જીઆઈડીબી તરીકે કરવામાં આવ્યો છે)ની રચના કરવામાં આવી છે.

૨. ગુજરાત સરકારે ઉપર જણાવેલી નીતિને અનુસરીને માર્ગો પુલો અને બાયપાસોના સેક્ટરમાં આધારમાળખાકીય વિકાસ પ્રયોજનાઓ માટે ખાનગી સેક્ટરની ભાગીદારીને આમંત્રણ આપવાના ઉદ્દેશ સાથે ની સ્થાપના કરી છે. ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (હવે પછી અહીં જેનો ઉલ્લેખ જીએસઆરડીસી તરીકે કરવામાં આવ્યો છે)

૩. ગુજરાત સરકારે SH9 (હિંમતનગર બાયપાસ") ના વિભાગને અપગ્રેડેશન (2LPSHS થી 4LPSHS સુધી પહોળો કરવા) અને હાથમતી નદીના મુખ્ય પુલને પહોળા કરવા સહિત હિંમતનગર બાયપાસને મજબૂત બનાવવા માટે જીએસઆરડીસીને સોંપ્યું છે"

૪. જીએસઆરડીસી એ એન્જિનિયરિંગ પ્રોક્યોરમેન્ટ, કન્સ્ટ્રક્શન ("EPC") ધોરણે "અપગ્રેડેશન (2LPSHS થી 4LPSHS સુધી પહોળું કરવું) અને હાથમતી નદીના મુખ્ય પુલને પહોળા કરવા સહિત હિંમતનગર બાયપાસનું મજબૂતીકરણ" નું કામ હાથ ધરવાનો સંકલ્પ કર્યો હતો.

૫. કન્સેશન કરારના આર્ટીકલ-૧૪ હેઠળ આ પ્રોજેક્ટ, આર્ટીકલ-૧૪.૧ માં નિર્ધારિત કરવામાં આવ્યા મુજબના કન્સેશન સમયગાળા માટે, ઈપીસી ધોરણે હાથ ધરાયેલ કામના કન્સેશન કરારમાં નિર્ધારિત કરવામાં આવ્યા મુજબના સંચાલન અને નિભાવ માટે, કન્સેશનરને નિહિત કરવામાં આવ્યો છે.

૬. ગુજરાત સરકારે, ટોલના દર, ટોલ પ્લાઝાના સ્થળ, બે ટોલ પ્લાઝા વચ્ચેનું અંતર, ટોલ ઉઘરાવવા માટેના યોગ્ય રોડ સેક્શન્સના પ્રકાર અંગે સ્પષ્ટતા ઊભી કરવા માટે ટોલ પોલીસી ઘડી છે જેથી ખાનગી રોકાણકારોને ખાનગી જાહેર ભાગીદારીથી રોડ સેક્ટરના વિકાસમાં ભાગીદાર બનવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

૭. ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ એક્ટ અને બોમ્બે મોટર વ્હીકલ એક્ટ ગુજરાત સરકારને યુઝર ચાર્જીસ (ટોલ) લેવાની સત્તા આપે છે. વધુમાં, ગુજરાત સરકારે બોમ્બે મોટર વ્હીકલ એક્ટ ૧૯૯૪માં સુધારો કર્યો છે, જે માર્ગ અને પુલોને લગતા પ્રોજેક્ટના બાંધકામ માટે અથવા તેમને સંગીન બનાવવા/સુધારવા માટે ટોલ લેવાની પરવાનગી આપે છે.

૮. ગુજરાત સરકાર/જીએસઆરડીસી તેના વિવેકાધિકાર મુજબ પોતે ફી લઇ શકે છે, માંગી શકે છે, ઉઘરાવી શકે છે, રાખી શકે છે અને તેનો વિનિમય કરી શકે છે અથવા તેમ કરવા માટે, લાગુ પડતા કાયદા મુજબ, કરાર કરીને અથવા અન્યથા, કોઈ વ્યક્તિને અધિકૃત કરી શકે છે.

૯. ઉપર જણાવ્યા મુજબના સરકારના અધિકારની રૂએ, ગુજરાત સરકાર આથી નક્કી કરી જાહેર કરે છે અને હુકમ બહાર પાડે છે કે, નીચે આપેલા કોઠા-૨માં ખાના-૨માં નિર્દિષ્ટ કરવામાં આવેલા મોટર વાહનોના વર્ગો અને ટ્રેઇલર્સ ઉપર, તેમની સામે ખાના-

૪માં નિર્દિષ્ટ કરવામાં આવ્યા મુજબના ચાર્જીસ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર/જીએસઆરડીસી અથવા તેના અધિકૃત એજન્ટો/સેવકો નક્કી કરશે, લેશે, વસુલ કરશે, રાખશે અને તેનો વિનિયોગ કરશે.

નીચે કોઠા-૧માં પ્રત્યેક ટોલપ્લાઝાના સ્થળે આવરી લેવાયેલ સળંગ વિસ્તારની લંબાઈ દર્શાવેલ છે.

| સેક્શનનું નામ | ટોલ પ્લાઝા નુ સ્થળ (કિ.મી.) | કુલ લંબાઈ (કિ.મી.) | સ્ટ્રક્ચરને લંબાઈ ઉમેર્યા પછી કુલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|
| હિંમતનગર બાયપાસ | ૦૦/૦૦ ટુ ૮/૭૦૦ | ૪૭.૮૨૦ | ૧૦.૧૪૦ કી મી. |

ચાર્જની યાદી

ગુજરાત રાજ્યમાં રાજ્ય ધોરીમાર્ગ નં-૯ ના ૦૦/૦૦ કિ.મી. થી ૮.૭૦૦ કિ.મીનો ઉપયોગ કરનાર પાસેથી વસૂલ કરવાની પાયાની ફીના તા.૦૪/૦૪/૨૦૨૫ (૮:૦૦ કલાકથી) સુધી (૭:૫૯ કલાક સુધી) લાગુપડવાપાત્ર દર.

<u>કોષ્ટક-૨</u>

ટોલપ્લાઝાથી ફી વસૂલ કરવામાં આવશે.

| નં. | વાહનનો પ્રકાર | ફી (એક માર્ગીય સફર માટે દર) | |
|---|---|---|---|
| | | ૪- લેન મુજબ મંજુર થયેલ દર તા. ૩૧/૩/૨૦૨૫ સુધી અમલમાં | તા. ૦૪/૪/૨૦૨૫ થી વર્ષ ૨૦૨૫-૨૬ માં ચિત દર |
| ૧ | એલ સી વી | ૨૦ | ૨૦ |
| ૨ | બસ અથવા ટ્રક (બે એક્સલ વાળી) | ૪૦ | ૪૦ |
| ૩ | ૩-એક્સલ વાળાં વાણિજ્યિક વાહનો | ૪૫ | ૪૫ |
| ૪ | એમએવી (ત્રણ થી છ એક્સલો) | ૭૦ | ૭૫ |
| ૫ | મોટાં કદનાં વાહનો | ૮૫ | ૯૦ |

આ ફી માર્ગનો ઉપયોગ કરનાર વાહનો પર અને ટોલપ્લાઝામાં પ્રવેશી પ્રાયોજના માર્ગ પરથી પસાર થતાં વાહનો પર તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજ સવારના ૦૮.૦૦ કલાકથી બીજી નોટિસ બહાર પાડવામાં ના આવે ત્યાં સુધી લેવામાં આવશે અથવા તા. ૦૪/૦૪/૨૦૨૬, ૦૭:૫૯ કલાક સુધી લેવામાં આવેશે.

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગનાં તા. ૧૨/૦૮/૨૦૧૬ના પત્ર ક્રમાંક મુ.મ.સ./૧૦/ /૨૦૧૬ટો.મુ./કેબિનેટ૧૯/ખા.ક. અને ત્યાર પછીની ગુજરાત સરકારની નીતિ અન્વયે કાર/જીપ/વાન/બે પૈડાંનાં વાહનો/ ત્રણ પૈડાંનાં વાહનો/ અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહનની બસોને તા. ૧૫/૦૮/૨૦૧૬થી આ ટોલ ફી ચુકવવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

વ્યાખ્યાઓ—આ જાહેરનામામાં સંદર્ભથી અન્યથા કહેવાયું હોય તે સિવાય-

(૧)"વાસ્તવિક ફી" એટલે પ્રાયોજના-ધોરીમાર્ગની લંબાઇના આધારે પ્રાયોજના- ઉપયોગ કરનાર પાસેથી વસૂલાત કરાતી વાસ્તવિક ફી અને આ જાહેરનામાની અનુસૂચિમાં જણાવવામાં આવેલી ફી.

(૨) "આધાર-વર્ષ" એટલે ૧લી એપ્રિલ ૨૦૧૦ થી શરૂ કરીને ૩૧/ માર્ચ, ૨૦૧૧ સુધીનો સમયગાળો

(૩)"પુલ" એટલે કન્શેસન-કરાર અંતર્ગત બાંધકામ કરાયેલ ,ચાલુ કરાયેલ અથવા નિભાવ કરાતો હોય તેવો કોઈપણ પુલ,માર્ગ પરનો ઓવરબ્રિજ અથવા અન્ડરબ્રિજ અને આ બધાનો તેમાં સમાવેશ થશે.

(૪)"બાયપાસ" એટલે કન્શેસન-કરાર અંતર્ગત બાંધકામ કરાયેલ ,ચાલુ કરાયેલ અથવા નિભાવ કરાતો હોય અથવા સંચાલન થતો હોય તેવો બાયપાસ

(૫)"કાર" અથવા "જીપ" અથવા "વાન" અથવા "હલકાં વજનનું મોટર વાહન" એટલે કોઈપણ યાંત્રિક વાહન જે વાહનનું એકંદર વજન ૭,૫૦૦ (સાત હજાર પાંચસો) કિ.ગ્રા.થી વધુ ના હોય અથવા મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ બહાર પાડવામાં આવેલા સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશનમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યા મુજબ જેની ડ્રાઇવર સિવાયના પેસેન્જર લઇ જવાની નોંધાયેલી ક્ષમતા ૧૨થી વધુ ન હોય.

(૬) "વાણિજ્યિક સંચાલન તારીખ"-("COD") એટલે ગુજરાત રાજ્યના રાજ્ય ધોરીમાર્ગ નં.૯ ના ઉક્ત વિભાગમાં વાણિજ્યિક કામગીરી શરૂ થઈ હોય તે તારીખ, જે તારીખે સ્વતંત્ર ઈજનેરે સત્તાધિકારી અને કન્શેસન-ધારક વચ્ચે કરાર થયો હોય તે કરારની જોગવાઈ મુજબ ઉક્ત રાજ્ય ધોરીમાર્ગના ઉક્ત વિભાગની કામગીરી પૂરી થવા અંગે કાર્ય-સમાપ્તિ પ્રમાણપત્ર અથવા કામચલાઉ પ્રમાણપત્ર આપ્યું હોય.

(૭)"કન્શેસન-કરાર" એટલે જીએસઆરડીસી અને કન્શેસન-ધારક વચ્ચે પ્રાયોજના ધોરીમાર્ગની મોજણી, ડિઝાઇન, ઇજનેરીકામ, ખરીદી, નાણાં-ધિરાણ, બાંધકામ, સંચાલન,ચાલુ કરવાની કામગીરી અને નિભાવ કામગીરી કન્શેસન-ધારકના ખર્ચે અને જોખમે કરવા માટે થયેલ કરાર.

(૮)" કન્સેસનર" એટલે જીએસઆરડીસી સાથે કન્શેસન-કરાર કરનાર વ્યક્તિ.

(૯) "કોન્ટ્રાક્ટર" એટલે જીએસઆરડીસી દ્વારા નિયુક્ત કરવામાં આવેલ માર્ગ કર/યુઝર ફી ઉઘરાવવા માટેની એજન્સી.

(૧૦) "સત્તામંડળ" એટલે આ જાહેરનામાના હેતુ માટે સુસંગત હોય તે મુજબ જીએસઆરડીસી.

(૧૧) "અધિકૃત વ્યક્તિ" એટલે જીએસઆરડીસી દ્વારા નિયુક્ત કરવામાં આવેલ એવી વ્યક્તિ, સંસ્થા અથવા ટોલિંગ કોન્ટ્રાક્ટર જેને માર્ગનો ઉપયોગ કરનાર પાસેથી ટોલ ઉઘરાવવા માટે અને જીએસઆરડીસી દ્વારા નક્કી કરવામાં આવ્યા મુજબ ટોલની રકમ જીએસઆરડીસી સાથે વહેંચવા માટે અધિકૃત કરવામાં આવી હોય.

(૧૨) "એક્ઝિક્યુટિવ ઓથોરિટી" એટલે ગુજરાત સરકાર/જીએસઆરડીસી દ્વારા જાહેર કરવામાં આવેલ અધિકારી અથવા સત્તાધિકારી.

(૧૩) "મુક્તિ આપવામાં આવેલ વાહન" એટલે આ ફી નોટિફિકેશન હેઠળ અને તે મુજબ ફી ચૂકવવામાંથી મુક્તિ આપવામાં આવી હોય એવું વાહન.

(૧૪) "નાણાકીય વર્ષ" એટલે વર્ષની ૧લી એપ્રિલથી શરૂ થતું અને ત્યાર પછીના વર્ષે ૩૧મી માર્ચના રોજ પૂરું થતું વર્ષ.

(૧૫) "ફી નોટિફિકેશન" એટલે લેવાની ફી નિર્દિષ્ટ કરતો સરકારી હુકમ.

(૧૬)"એકંદર વાહન વજન" અથવા GVW એટલે મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ અંતર્ગત તે વાહન માટે નોંધણી સાત્તાધિકારી દ્વારા પ્રમાણિત કરી નોંધણી કરવામાં આવેલ તે વાહનનં કુલ વજન અને ભાર.

(૧૭)"સરકાર" એટલે ગુજરાત સરકાર.

(૧૮) "જીએસઆરડીસી" એટલે ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ.

(૧૯) "બાંધકામ માટેની ભારે વજન ધરાવતી યંત્ર સામગ્રી" (heavy construction machinery) અથવા "અર્થ મૂવિંગ ઇક્વિપમેન્ટ" અથવા "મલ્ટી એક્સલ વ્હિકલ" એટલે ૪ થી ૬ એક્સલ ધરાવતા મલ્ટી એક્સલ વ્હિકલ અથવા (ટ્રેલરની કોઈ એક્સલ હોય તો તે સહિત) ૨૫૦૦૦ (પચીસ હજાર) કિલોગ્રામ કરતાં વધુ પરંતુ ૬૦૦૦૦ (સાઠ હજાર) કિલોગ્રામથી ઓછું એકંદર વજન ધરાવતા વાહન સહિત, બાંધકામ માટેની ભારે વજન ધરાવતી યંત્ર સામગ્રી અથવા અર્થ મૂવિંગ ઇક્વિપમેન્ટ અથવા યાંત્રિક વાહન અથવા માલવાહક વાહન.

(૨૦) "માર્ગ" (લેન) એટલે વાહનો માટેના મુખ્ય માર્ગનો ભાગ બનતો અને ઓછામાં ઓછી ૩ મીટર અને ૫૦ સેન્ટીમીટરની પહોળાઈ ધરાવતો માર્ગ.

(૨૧)"હળવા વજનનું વાણિજ્યિક વાહન" અથવા "હળવા વજનનું માલવાહક વાહન" અથવા "મીનીબસ" એટલે જેનું એકંદર વજન ૭,૫૦૦ (સાત હજાર પાંચસો) કિ.ગ્રા.થી વધુ પરંતુ ૧૨૦૦૦ (બાર હજાર) કિ.ગ્રા.થી ઓછું હોય અથવા મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ બહાર પાડવામાં આવેલા સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશનમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યા મુજબ જેની ડ્રાઇવર સિવાયના પેસેન્જર લઇ જવાની નોંધાયેલી ક્ષમતા ૩ ૨થી વધુ ન હોય તેવું વાહન.

(૨૨)"સ્થાનિક વાણિજ્યિક ટ્રાફિક" એટલે (અવરજવર/વાહન વ્યવહાર) પ્રાયોજના ધોરીમાર્ગ પર ખાનગી વાણિજ્યિક વાહનમાં આવ-જા કરવાને કારણે રહેતો ટ્રાફિક,પરંતુ અહીં શરત એ રહેશે કે (૧) આવા ખાનગી વાણિજ્યિક વાહનની માલિકી જે વ્યક્તિ સાબરકાંઠા જિલ્લામાં રહેતી હોય તે વ્યક્તિની હોવી જોઇશે અને (૨) આવું વાહન સાબરકાંઠા જિલ્લામાં નોંધાયલું હોવું જોઇશે, જેની રજિસ્ટ્રેશન પ્લેટ સાબરકાંઠા જિલ્લાનો આરટીઓ કોડ જીજે-૦૯ ધરાવતી હોવી જોઇશે અને તે વ્યક્તિ નેશનલ પરમીટ હેઠળ આવ-જા કરતી હોવી જોઇશે નહીં.

(૨૩) "યાંત્રિક વાહન" એટલે મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ હેઠળ વ્યાખ્યા કરવામાં આવ્યા મુજબના મોટર વાહન સહિત, પોતાની જ શક્તિ હેઠળ ચાલતું હોય તેવું વાહન.

(૨૪) "મોટા કદનું વાહન" એટલે ૭ અથવા વધુ એક્સલ ધરાવતું અથવા ૬૦૦૦૦(સાઠ હજાર) કિલોગ્રામ કરતા વધુ એકંદર વજન ધરાવતું હોય તેવું કોઈપણ યાંત્રિક વાહન અથવા માલવાહક વાહન.

(૨૫) "પ્રોજેક્ટ હાઈવે" એટલે ગુજરાત રાજ્યમાં હિંમતનગર બાયપાસ રોડ મોતીપુરા કીમી ૦૦/૦૦ થી (એસએચ-૯ )નો હાલનો માર્ગ ધરાવતું સ્થળ તથા પ્રોજેક્ટની તમામ મિલકત તથા હવે પછી તેનો થનારો વિકાસ અને વધારો.

(૨૬)"માર્ગ ઓવરબ્રિજ / અન્ડરબ્રિજ" આ કરાર મુજબ "માર્ગ ઓવરબ્રિજ / અન્ડરબ્રિજ"અથવા ROB/RUB એટલે અને તેમાં સમાવિષ્ટ માર્ગ પરના એ ઓવરબ્રિજ / અન્ડરબ્રિજ, જે રેલવેટ્રેક અને / અથવા રસ્તાની ઉપર/નીચેથી પસાર થતા હોય અને જે કન્શેસન-કરાર અંતર્ગત બાંધકામ કરાયેલ, ચાલુ કરાયેલ અથવા નિભાવ કરાયેલ હોય.

(૨૭) "માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર (મા.અને મ.વિ., ગુ. સ.)" એટલે માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર અથવા ગુજરાત સરકાર દ્વારા અધિકાર અને સત્તા આપવામાં આવેલ, નામ નિયુક્ત કરેલા તેના અધિકારીઓ.

(૨૮) "રાજ્ય" એટલે ગુજરાત રાજ્ય.

(૨૯) "રાજ્ય ધોરી માર્ગ" એટલે રાજ્યની અંદરના વિસ્તારમાં ગુજરાત સરકાર દ્વારા રાજ્ય ધોરીમાર્ગ તરીકે જાહેર કરવામાં આવેલ કોઈપણ રાજ્ય ધોરી માર્ગ, જિલ્લા માર્ગ અથવા અન્ય જિલ્લા માર્ગ.

(૩૦) "બસ" અથવા "ટ્રક" અથવા "બે એક્સલ વાળુ વાહન" એટલે ૧૨૫૦૦ (બાર હજાર પાંચસો) કિલોગ્રામ કરતા વધુ પરંતુ ૨૦૦૦૦ (વીસ હજાર) કિલોગ્રામથી ઓછું એકંદર વજન ધરાવતું હોય એવું, મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ આપવામાં આવેલા સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશનમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યા મુજબનું, રોડરોલર સહિતનું, કોઈપણ યાંત્રિક વાહન/માલ વાહક વાહન.

(૩૧) "ત્રણ એક્સલ વાળુ વાહન" અથવા "ત્રણ એક્સલ વાળો વાણિજ્યિક વાહન" એટલે ત્રણ એક્સલ ધરાવતું (જો કોઈ ટ્રેલર હોય તો તેની એક્સલ સહિત) અને ૨૫૦૦૦(પચીસ હજાર) કિલોગ્રામ જેટલું અથવા તેથી ઓછું વજન ધરાવતું કોઈપણ યાંત્રિક વાહન.

(૩૨)"માર્ગ-કર"(ટોલ) એટલે કિ.મી.દીઠ યુઝર ફી, જે ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવ્યા મુજબ પ્રાયોજના ધોરીમાર્ગ,બાયપાસ,પુલ અથવા માર્ગ, ઓવરબ્રિજ / અન્ડરબ્રિજ વાપરનારે ચૂકવવાનો હોય છે.

(૩૩) "ટોલ પ્લાઝા" એટલે યુઝર ફી ઉઘરાવવા માટેનં કોઇ પણ મકાન અથવા માળખું અથવા બન્ને.

૧૦. ફી લેવા બાબત

(૧) રાજ્ય સરકાર જાહેરનામું/સરકારી આદેશ બહાર પાડીને, પ્રોજેક્ટ હાઇવેનો ભાગ હોય એવા, યથાપ્રસંગ પ્રોજેક્ટ હાઈવે, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલના ઉપયોગ માટે ફી લઇ શકશે.

પરંતુ રાજ્ય સરકાર જાહેરનામું/સરકારી આદેશ બહાર પાડીને, તે જાહેરનામાં/સરકારી આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવી હોય તે શરતોને આધીન રહીને,જાહેર ભંડોળથી બાંધવામાં આવેલા રાજ્ય ધોરીમાર્ગનાં કોઈપણ સેક્શન, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલને આવી કોઈપણ ફી અથવા તેનો ભાગ ચૂકવવામાંથી મુક્તિ આપી શકશે.

(૨) પ્રોજેક્ટ હાઇવેનો ભાગ બનતા હોય એવા, યથા પ્રસંગ પ્રોજેક્ટ હાઇવેના સેક્શન, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલના ઉપયોગ માટે દ્વિચક્રી વાહનો, ટ્રેલર સાથેના અથવા વિનાના ટ્રેક્ટર્સ અને પશુઓથી ચાલતાં વાહનો પાસેથી કોઈ ફી લેવામાં આવશે નહીં.

(૩) ફી પ્લાઝા જ્યાં આવેલો હોય તે જિલ્લામાં નોંધાયેલા સ્થાનિક વાણિજ્યિક ટ્રાફિક (નેશનલ પરમીટ હેઠળ આવ-જા કરતાં વાહનો સિવાય) માટે, સંબંધિત શ્રેણીનાં વાહનો માટે નિર્દિષ્ટ કરવામાં આવેલા દરના ૫૦ ટકા લેખે ફી લેવામાં આવશે; પરંતુ શરત એ રહેશે કે આવાં વાણિજ્ય વાહનોના ઉપયોગ માટે કોઈ સર્વિસ રોડ અથવા વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ ન હોવો જોઈએ.

(૪) ગુજરાત સરકારની નીતિ મુજબ કાર/જીપ/વાન/દ્વિચક્રી વાહન/ત્રિચક્રી વાહનો અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસોને યુઝર ફી ચૂકવવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

(૫) રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ફીને નજીકના પાંચ રૂપિયા સુધી પૂરે આંકડે કરીને લેવાની રહેશે.

**ફીમાં વાર્ષિક વધારો**

ઉપર જણાવેલી ટોલ ફીના દરમાં દર વર્ષે ૧લી એપ્રિલથી વાર્ષિક પાંચ ટકાના ફુગાવાના દરે વધારો કરવાનો રહેશે. ભાગ સ્તરના ટોલ દરના અંદાજ માટે તેને નજીકના ૫ રૂપિયા સુધી પૂરે આંકડે કરવાના રહેશે. આ અંગે કોઈ શંકા ન રહે તે માટે, આ ફીમાં વધારો દર વર્ષે પહેલી એપ્રિલથી એટલે કે દર નાણાકીય વર્ષે કરવાનો રહેશે.

**૧૧. મુક્તિ આપવામાં આવેલાં વાહનો**

નીચેનાં વાહનો માટે કોઈ ફી ચાર્જ કરવા કે વસૂલ કરાવવામાં આવશે નહીં; એટલે કે-

૧. એવાં વાહનો -

ક. જે વીઆઇપી (મહાનુભાવો)નું પ્રતિક ધરાવતાં હોય અને જે વિધિસર રીતે નીચે મુજબની વ્યક્તિઓને ફાળવવામાં આવ્યા હોય:

ક) ભારતના રાષ્ટ્રપતિ;

ખ) ભારતના ઉપરાષ્ટ્રપતિ;

ગ) ભારતના વડાપ્રધાન;

ઘ) કોઇ રાજ્યના રાજ્યપાલ અને સંઘપ્રદેશના લેફ્ટનન્ટ ગવર્નર;

ચ) ભારતના મુખ્ય ન્યાયાધીશ;

છ) લોકસભાના સ્પીકર;

જ) મુખ્યમંત્રીઓ;

ઝ) કેન્દ્રીય અને રાજ્ય મંત્રીઓ;

ટ) સર્વોચ્ચ અદાલત, હાઈ કોર્ટ અને જિલ્લા કોર્ટના હકુમત ધરાવતા ન્યાયાધીશો;

ઠ) ભારતની વિધિસર મુલાકાતે આવેલા વિદેશી મહાનુભાવો;

ડ) ભારતમાં સ્થિત વિદેશી રાજદ્વારી વ્યક્તિ જે "સીડી/સીસી" નંબર પ્લેટ ધરાવતી કારનો ઉપયોગ કરતા હોય;

ઢ) રાજ્ય સભાના અધ્યક્ષ અથવા લોકસભાના સ્પીકર અથવા રાજ્ય વિધાન મંડળના અધ્યક્ષ અથવા રાજ્ય વિધાનસભાના સ્પીકર અથવા કેન્દ્ર અથવા રાજ્યના મંત્રી અથવા કેબિનેટ મંત્રીનો દરજ્જો ધરાવતા લોકસભા અથવા રાજ્યસભા અથવા રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના વડા, જો તેઓ વાહનમાં બેઠા હોય તો; અથવા;

ત) સમગ્ર દેશમાં સંસદ સભ્ય, સંબંધિત રાજ્યમાં રાજ્ય વિધાનસભા અથવા રાજ્ય વિધાન પરિષદના સભ્ય, જો તેઓ સંસદ અથવા સંબંધિત રાજ્યની ધારાસભા દ્વારા આપવામાં આવેલું તેમનું ઓળખપત્ર રજુ કરે તો, અને "જી" પાસીંગ (ગુજરાત સરકારના નામે નોંધાયેલાં) ધરાવતાં રાજ્ય સરકારનાં વાહનો;

થ)સ્વતંત્ર પરામર્શક સહિત, પ્રોજેક્ટ હાઇવેના સ્થળના સંબંધમાં પોતાની વૈધાનિક જવાબદારીઓ નિભાવવા માટે પ્રોજેક્ટ હાઇવેનો જેમણે ઉપયોગ કરવો જરૂરી છે તેવી વ્યક્તિઓ.

ખ. પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિ ચક્ર, વીર ચક્ર અને શૌર્ય ચક્ર જેવા વીરતા એવોર્ડના વિજેતાઓ, જો આવો એવોર્ડ જીતનાર, આવા એવોર્ડ માટેના સક્ષમ સત્તા મંડળ દ્વારા યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ તેમનું ફોટો ઓળખપત્ર રજૂ કરે તો.

૨. ઇન્ડિયન ટોલ (આર્મી એન્ડ એરફોર્સ) એક્ટ, ૧૯૦૧ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો (નૌકાદળ સુધી વિસ્તારવામાં આવ્યા મુજબના)ની જોગવાઈ મુજબ મુક્તિ માટે પાત્ર હોય તે સહિતના રક્ષા દળનાં વાહનો.

૩. પોલીસ વાહનો, અગ્નિશામક વાહનો, એમ્બ્યુલન્સ, અંત્યેષ્ટિ વાહનો, પોસ્ટ અને ટેલિગ્રાફ વિભાગનાં વાહનો, કેન્દ્ર અને રાજ્ય સરકારનાં ફરજ પરનાં વાહનો.

૪. પ્રોજેક્ટ હાઇવેના ભાગ બનતા હોય એવા યથા પ્રસંગ પ્રોજેક્ટ હાઈવે પરના કાયમી પુલ, બાયપાસ અથવા ટનલના ઉપયોગ માટે યુઝર દ્વારા યોગ્ય રીતે ચૂકવવામાં આવેલ નિર્દિષ્ટ ફી ચૂકવવામાં ના આવે તો, યુઝર દ્વારા પ્રોજેક્ટ હાઈવેના ઉપયોગને નિયંત્રિત કરવા અથવા પ્રતિબંધિત કરવા માટે મા. અને મ. વિ., ગુજરાત સરકાર/જીએસઆરડીસી હકદાર રહેશે.

**૧૨. ફી ઉઘરાવવા બાબત:**

(૧) લેવામાં આવનાર હોય એ ફી ટોલ પ્લાઝા ખાતે જીએસઆરડીસી અથવા જીએસઆરડીસી દ્વારા અધિકૃત કરવામાં આવેલ એજન્સી દ્વારા ઉઘરાવવામાં આવશે.

(૨) દરેક યાંત્રિક વાહનના ડ્રાઈવર, વાહન માલિક અથવા વાહનનો હવાલો ધરાવનાર વ્યક્તિ, ટોલ પ્લાઝા પસાર કરતા પહેલાં પ્રોજેક્ટ હાઇવેના સેક્શન, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલનો ઉપયોગ કરવા માટે નિર્દિષ્ટ કરવામાં આવેલી ફી ચૂકવશે.

(૩) ઉઘરાવવામાં આવનાર ફી રોકડમાં અથવા રોકડ ચુકવણી માટેના અન્ય કોઈ સાધન/પ્રણાલી મારફત ચુકવવાની રહેશે; પરંતુ રોકડ સિવાય અન્ય કોઈ સાધન/પ્રણાલી દ્વારા ફીની ચુકવણી કરવા બદલ વધારાનો કોઇ ચાર્જ વસૂલ કરવાનો રહેશે નહીં.

(૪) આવી ફી પ્રાપ્ત કરનાર વ્યક્તિ યાંત્રિક વાહનના ડ્રાઇવર, વાહન માલિક અથવા વાહનનો હવાલો ધરાવનાર વ્યક્તિને તેની રસીદ આપશે જેમાં તે દિવસની તારીખ, ફીનો પ્રકાર, પ્રાપ્ત થયેલી કુલ રકમ અને રોકડમાં મેળવેલી ફી જે શ્રેણીના વાહન માટે હોય તે શ્રેણી દર્શાવેલી હોવી જોઈશે; પરંતુ રોકડ સ્વરૂપે ચુકવણી કરવા માટે અન્ય કોઈ સાધન/પ્રણાલી મારફત ફીની ચુકવણી કરવામાં આવી હોય તો, માગણી કરવામાં આવ્યેથી જ રસીદ આપવાની રહેશે.

**૧૩. વધારાના ટોલ પ્લાઝા :**

જીએસઆરડીસી તેમના વિવેકાધિકારથી, ચૂકવવાપાત્ર માર્ગકર ચાર્જીઝથી બચવા માટે પ્રોજેકટ હાઇ-વેના પ્રવેશ માર્ગો (અપ્રોચ રોડઝ)નો ઉપયોગ કરતાં વાહનોનું ચેકીંગ કરવાના હેતુથી, પ્રોજેકટ હાઇ-વે ઉપર, માર્ગકર ઉઘરાવવા માટે વધારાના સ્થળ અને પ્રવેશ અવરોધો (એન્ટ્રી બેરિયર્સ) ઊભાં કરી શકશે.

**૧૪.સ્થનિક વાહન વ્યવહારને મુક્તિ આપવા બાબત.**

પ્રોજેકટ હાઇ-વેનો આંશિક ઉપયોગ કરતા અને ટોલ- પ્લાઝા ને પાર કરીને જતા ન હોય એવાં વાહનો પાસેથી કોઇ માર્ગ-કર વસૂલવામાં આવશે નહીં.

**૧૫. અવાર નવાર ઉપયોગ કરતા લોકો માટે ફીમાં વળતર**

(૧) યાત્રિક વાહનના ડ્રાયવર, માલિક અથવા વાહનનો હવાલો ધરાવનાર વ્યક્તિ સાબરકાંઠા સિવાયના સ્થળે રહેતી હોય અને તેનું વાહન સાબરકાંઠા સિવાયના અન્ય સ્થળે નોંધાયું હોય તો, આવા અવાર નવાર ઉપયોગ કરનારા વ્યક્તિ માટે ફીમાં નીચે મુજબ વળતર આપવાનું રહેશે.

(૨) મા.અને મ. વિ., /ગુજરાત સરકાર/જીએસઆરડીસી દ્વારા નીમવામાં આવેલ યથા પ્રસંગ એક્ઝિક્યુટીંગ ઓથોરિટી અથવા અધિકૃત એજન્સી, વિનંતી કરવામાં આવ્યેથી, નિર્દિષ્ટ સમયગાળાની અંદર ટોલ પ્લાઝા વટાવીને જવા-આવવા માટેની અનેક મુસાફરીઓ માટે રિટર્ન પાસ/રાહત દરથી પાસ નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ કરવામાં આવેલા દરે પૂરો પાડશે.

(૩) પ્રોજેક્ટ હાઇવેના સેક્શન, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલનો ઉપયોગ કરનાર યાંત્રિક વાહનના ડ્રાઇવર, માલિક અથવા વાહનનો હવાલો ધરાવતી વ્યક્તિ, નીચે મુજબના દરે ફીની ચુકવણી કર્યેથી ફકરા ૧૧ હેઠળ પાસ મેળવી શકશે.

| ચૂકવવા પાત્ર રકમ | એક તરફની મુસાફરી વધુમાં વધુ કેટલી વાર કરવાની છૂટ હશે | માન્ય સમયગાળો |
|---|---|---|
| એક તરફની મુસાફરી માટે દોઢ ગણી ફી | બે વખત | પ્રથમ ટિકિટની ચુકવણી કર્યાના સમયથી ૨૪ કલાક |
| એક તરફની ૫૦ મુસાફરી માટે ચૂકવવા પાત્ર ફીની રકમનો બે તૃતીયાંશ ભાગ | પચાસ વખત | ચુકવણી કર્યાની તારીખથી એક મહિનો |

(૪) પ્રોજેક્ટ હાઇવેના સેક્શનના કોઈ ભાગનો ઉપયોગ કરે પરંતુ ટોલ પ્લાઝા ન વટાવે તેવા યાંત્રિક વાહનના ડ્રાયવર, માલિક અથવા વાહનનો હવાલો ધરાવનાર વ્યક્તિને કોઈ પાસ આપવામાં નહીં આવે અથવા તેની પાસેથી કોઇ ફી વસૂલ કરવા નહીં આવે.

**૧૬. ફી ચૂકવવામાંથી છટકવા બદલ વધારાનો ચાર્જ.**

પ્રોજેકટ હાઇવેનો ઉપયોગ કરવા માટે ચૂકવવાપાત્ર ફી ચૂકવ્યા વિના કોઇ વાહન પ્રોજેકટ હાઇવેનો ઉપયોગ કરે તો મા. અને મ. વિ., ગુજરાત સરકાર/જીએસઆરડીસી લાગુ પડતા કાયદા અને લાગુ પડતી પરમિટને અધીન રહીને, આવા વાહન પાસેથી લેવા પાત્ર ફી તથા, પ્રોજેકટ હાઇવેનો અનધિકૃત ઉપયોગ કરવાનો પ્રયાસ કરવા બદલ અગાઉથી નક્કી કરવામાં આવેલી નુકશાન ભરપાઇ (લિક્વિડેટેડ ડેમેજ)ની રકમ વસૂલશે; પરંતુ આવી ફી અને ''લિક્વિડેટેડ ડેમેજ''ની રકમ અધિકૃત વ્યક્તિએ પોતાના ખર્ચે અને જોખમે નક્કી કરવાની અને વસૂલવાની રહેશે અને જી.એસ.આર.ડી.સી. તે માટે કોઇ રીતે જવાબદાર રહેશે નહી; વધુમાં, નિયત ભાર કરતાં વધુ ભાર લઇ જતા (ઓવર લોડીંગ) વાહનો ધ્યાનમાં આવશે તો, અધિકૃત વ્યક્તિ આવાં વાહનો તેમનો વધારાનો ભાર દૂર ન કરે ત્યાં સુધી તેમને પ્રોજેકટ હાઇ વેનો ઉપયોગ કરતા રોકી શકશે અને આવાં વાહનો અથવા આવાં વાહનો ચલાવતા ડ્રાઇવરોના સંદર્ભમાં કન્સેસન મેળવનારે કરેલા કોઇ કૃત્ય કે ચૂક માટે જી.એસ.આર.ડી.સી. જવાબદાર રહેશે નહીં.

**૧૭. નિયત કરતાં વધુ ભાર લઇ જતાં (ઓવરલોડેડ) વાહનો માટે વધારાની ફી.**

ઉપરના ખંડ-૧૫ની જોગવાઇઓને અધીન રહીને અને આવા કાયદાઓમાં નક્કી કરવામાં આવેલી પરવાનગીપાત્ર મર્યાદા કરતા વધુ ભાર લઇ જતા વાહનના ડ્રાઇવર દ્વારા, લાગુપડવાપાત્ર કાયદા હેઠળ ઊભી કરવામાં આવેલી જવાબદારીને બાધક બન્યા વિના, કન્સેસન ધારક/ટોલ ઉઘરાવનાર એજન્સી એટલે કે કોંટ્રાક્ટર આવા વાહનને પ્રોજેકટ હાઇવેનો ઉપયોગ કરવા દેશે નહીં. આવા વાહને પ્રોજેકટ હાઇ-વેને કરેલા નુકશાન, ખરાબીના બદલાવામાં તેણે વધારાની ફી (''વધારાની ફી'') ચૂકવવાની રહેશે. આવી વધારાની ફી નીચે દર્શાવ્યા કરતા વધુ હોવી જોઇશે નહીં.

(ક) આવાં વાહનોમાં ઓવરલોડીંગનું પ્રમાણ, પરવાનગીપાત્ર મર્યાદાના ૧૦ ટકા (દસ ટકા) કરતા વધુ હોય તો ફીના ૫૦ ટકા (પચાસ ટકા); અને

(ખ) આવાં વાહનોમાં ઓવરલોડીંગનું પ્રમાણ, પરવાનગીપાત્ર મર્યાદાના ૨૦ ટકા (વીસ ટકા)થી વધુ હોય તો ફીના ૧૦૦ ટકા.

પરંતુ વધારાની ફી, આવા દરેક ટોલ પ્લાઝા ખાતે, કન્સેસન મેળવનાર દ્વારા ગોઠવવામાં આવેલા સ્ટાન્ડેડ સ્ટાન્ડર્ડ સ્ટેટીક વેઇંગ મશીન ''દ્વારા માપવામાં આવેલાં ખરેખર એકંદર વાહન વજન (ગ્રોસ વ્હીકલ વેઇટ)ના આધારે લેવામાં આવશે. પરંતુ, વધુમાં, વધારાની ફી નક્કી કરવાની અને ઉઘરાવવાની બાબતનું વિનિયમત અને અમલ કન્સેસન મેળવનારે / કોન્ટ્રાકટરે સંપૂર્ણપણે

તેના ખર્ચે અને જોખમે કરવાનાં રહેશે અને કન્સેસન ધારક/કોંટ્રાક્ટર કોઇપણ કારણસર આવી વધારાની ફી સંપૂર્ણપણે અથવા અંશત:રીતે ઉઘરાવવામાં નિષ્ફળ જાય તો તે જીએસઆરડીસી સામે તે અંગેનો કોઇ દાવો કરી શકશે નહીં.

૧૮. ફીના દર દર્શાવવા બાબત.

અધિકૃત વ્યક્તિ, પ્રોકેજટ હાઇવેના આરંભે અને ટોલ પ્લાઝાની નજીકમાં, પ્રોજેકટ હાઇ વેની બન્ને તરફથી આવતા ઉપયોગકર્તાની માહિતી માટે, ફીના લાગુ પડતા દરો મોટા અક્ષરે પ્રદર્શિત કરશે.

અધિકૃત વ્યક્તિ, ફી-નોટિફીકેશન/સરકારી હુકમ હેઠળ ચૂકવવાપાત્ર ફીના દર કરતા વધુ રકમનો સુધારો કરશે નહીં કે તેને પ્રદર્શિત કરશે નહીં કે તેવી રકમ ઉઘરાવશે નહીં મા. અને મ. વિ., ગુજરાત સરકાર/જીએસઆરડીસી વતી કોઇ વધુ રકમ ઉઘરાવવામાં આવશે તો, જી.એસ.આર.ડી.સી. તરફથી તે અંગેની નોટિસ પ્રાપ્ત થયેલી તે, જી.એસ.આર.ડી.સી.ને આવી વધુ રકમ, તેના ૨૫ ટકા જેટલી નુકશાન ભરપાઇની રકમ સાથે, પરત કરશે.

ફીના દરો, ફી ચુકવવામાંથી મુક્તિ આપવામાં આવી હોય એવાં વાહનોની કક્ષા તેમ જ જેમને સંબોધીને કોઇપણ ફરિયાદ કરવાની હોય તો સત્તાધિકારીનું નામ, સરનામુ અને ટેલિફોન નંબર ટોલ બુધથી ૫૦૦ મીટર આગળ, ટોલ બુથથી ૧૦૦ મીટર આગળ અને ટોલ બુથ ખાતે સ્પષ્ટ રીતે નજરે પડે તેવા મોટા અક્ષરે દર્શાવવાનાં રહેશે. આ માહિતી દર્શાવતાં પાટિયાની ઊંચાઇ અને અક્ષરોનું કદ એવાં હોવાં જોઇએ કે ડ્રાઇવરો સરળતાથી તે વાંચી શકે અને, આ વિગતો અંગ્રેજી, અને ગુજરાતી ભાષામાં સુવાચ્ય રીતે લખીને અથવા મુદ્રિત કરીને દર્શાવવાની રહેશે.

૧૯. માર્ગકરને પૂરે આંકડે (રાઉન્ડ ઓફ) કરવા.

ફકરા-૮ની જોગવાઇ હેઠળ નક્કી કરવામાં આવેલા, દરેક વાહન પાસેથી વસૂલવાના માર્ગકરને સૌથી નજીકના પાંચ રુપિયાની રકમ સુધી પૂરે આંકડે કરવાના રહેશે.

૨૦. મા. અને મ. વિ., ગુજરાત સરકાર/જીએસઆરડીસી દ્વારા ફી ઉઘરાવવા માટે નામ નિયુક્તિ

અધિકૃત વ્યક્તિ કોઇ અધિકારીને ફી વસૂલાત પ્રભારી અધિકારી તરીકે નિયુકત કરશે અધિકૃત વ્યક્તિ અને ઉકત અધિકારી, કરાર મુજબના દર કરતા વધુ નહીં એટલા દરે ફી વસૂલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે અને માર્ગનો ઉપયોગ કરનારાઓને કોઇ અઘટિત મુશ્કેલી ન પડે એવી સરળરીતે ફી વસૂલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે અને તેને સંલગ્ન તમામ બાબતો માટે જવાબદાર રહેશે.

૨૧. અનઅધિકૃત વસૂલાત

રાજ્ય સરકાર અથવા એક્ઝીક્યુટીવ ઑથોરીટી દ્વારા અધિકૃત કરવામાં આવેલ અધિકૃત વ્યક્તિ આ જાહેરનામા હેઠળ લેવાપાત્ર કે ચૂકવવાપાત્ર ન હોય એવી કોઇ રકમ કોઇ વ્યકિત પાસેથી વસૂલ કરે તો, અધિકૃત વ્યક્તિ એ વ્યકિતને, એ રીતે વસૂલ કરેલી રકમ, તે વસૂલ કરી હોય તે દિવસથી તે પરત કરે ત્યાં સુધી પ્રત્યેક દિવસ માટે ૩ ટકાના દરે ગણતરી કરીને, તેટલી રકમ સાથે નુકસાન પટે રિફંડ કરશે. આવી વ્યક્તિને આવી રકમ ઉપર જણાવેલી રીતે નુકશાનની ગણતરી કરીને કોઇપણ કારણસર ચૂકવવામાં ન આવે તો, તે રકમ, તેની વસૂલાતના ૧૫ (પંદર) દિવસની અંદર જી.એસ.આર.ડી.સી.પાસે જમા કરાવવાની રહેશે.

નિયમ-૨૦ હેઠળ કન્સેશન ધારક દ્વારા ચૂકવવાપાત્ર રકમનો લગતો કોઇપણ વિવાદ જી.એસ.આર.ડી.સી. દ્વારા નિપટાવવામાં આવશે

૨૨. ફી ચૂકવવામાં ન આવે તો

(૧) યાંત્રિક વાહનના ડ્રાયવર, માલિક અથવા હવાલો ધરાવતી વ્યક્તિ પ્રોજેક્ટ હાઈવે, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલનો ઉપયોગ કરવા માટેની ફી ન ચૂકવે અથવા ચૂકવવાનો ઇનકાર કરે તો, તેના વાહનને પ્રોજેક્ટ હાઈવે, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં અને જો આવું વાહન ટ્રાફિકના સામાન્ય પ્રવાહને અવરોધે તો એક્ઝિક્યુટીંગ

ઓથોરિટી અથવા તેમના અધિકૃત વ્યક્તિ આવા અવરોધરૂપ બનતા વાહનને યથા પ્રસંગ પ્રોજેક્ટ હાઈવે, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલમાંથી દૂર કરી શકશે.

(૨) યાંત્રિક વાહનના ડ્રાયવર, માલિક અથવા હવાલો ધરાવતી વ્યક્તિ પ્રોજેક્ટ હાઈવે, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલનો ઉપયોગ કરવા માટેની ફી ન ચૂકવે અથવા ચૂકવવાનનો ઇનકાર કરે તો, ફીની રકમ તે યાંત્રિક વાહનના નોંધાયેલા માલિક પાસેથી વસૂલ કરવામાં આવશે.

(૩) યથા પ્રસંગ રાજ્ય સરકાર, એક્ઝિક્યુટીંગ ઓથોરિટી અથવા કોન્ટ્રાક્ટર પાસે એવું માનવાનું કારણ હોય કે યાંત્રિક વાહન રાજ્ય ધોરીમાર્ગના સેક્શન, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલમાંથી યોગ્ય ફી ચૂકવ્યા વિના આવ-જા કરે છે તો, તેઓ ચુકવણી અંગે ખરાઈ કરવાના હેતુથી આવા વાહન ને રોકી શકશે અને તેની પાસેથી યોગ્ય ફી વસુલ કરી શકશે.

(૪) ફીની ચૂકવણી ન કરનાર અથવા ફી ચૂકવવામાં કોઈપણ રીતે ચોરી કરનાર કોઇ પણ વ્યક્તિ, આ નિયમો હેઠળ અથવા અન્યથા કોઈપણ પ્રકારની કાર્યવાહીને બાધક બન્યા વિના, નિયત ફી જેટલી વધારાની ફી ચૂકવવાને પાત્ર બનશે.

**૨૩. રેકોર્ડની ખરાઈ કરવાની રાજ્ય સરકારની સત્તા**

રાજ્ય સરકાર દ્વારા યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ કોઈપણ અધિકારી યથા પ્રસંગ ટોલ ઉઘરાવનાર એજન્સી, એક્ઝિક્યુટીંગ ઓથોરિટી અથવા કન્સેશન ધારક દ્વારા થતી ફીની ઉઘરાણી અંગે ખરાઈ કરવાની તેમજ તેના કોઈપણ દસ્તાવેજો, રેકોર્ડ, અન્ય વિગતો, રસીદ અથવા અહેવાલો તપાસવાની સત્તા ધરાવશે.

૨૪.માર્ગકરની વસૂલાતની બાબતમાં અસંતોષ ધરાવતી કોઇપણ વ્યક્તિ જનરલ મેનેજર (પ્રોજેક્ટ) જીએસઆરડીસી, નિર્માણ ભવન, ભોંયતળિયું, સેક્ટર૧૦/એ, ગાંધીનગર પાસે ફરિયાદ નોંધાવી શકે છે.

જી.એસ.આર.ડી.સી. આવી ફરિયાદ મળ્યાના ૧૫ (પંદર) દિવસની અંદર તે ફરિયાદનો ઉકેલ લાવશે અને

યોગ્ય રીતે ફરિયાદીને તેની જાણ કરશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Mchaudhary

(એમ એમ ચૌધરી)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગુજરાત સરકાર

**નોંધ: આ જાહેરનામું www.gsrdc.com પર ઉપલબ્ધ છે.**

**નકલ રવાના :**

૧. વહીવટી સંચાલકશ્રી, જીએસઆરડીસી
૨. કલેકટર, સાબરકાંઠા જિલ્લો
૩. જિલ્લા પોલીસ અધીક્ષક, સાબરકાંઠા
૪. કાર્યપાલક ઈજનેર, મા. અને મ. પ્રભાગ, સાબરકાંઠા
૫. ખાનગીકરણ શાખા, મા. અને મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. હિસાબી શાખા, જીએસઆરડીસી, જીએસઆરડીસીની વેબસાઇટ પર પ્રકાશિત કરવા સારુ.